# આસપાસ ચોપાસ

## રૂમકીતળાવ ગામે નવરાત્રિમાં સંસ્કૃતિ અને ભક્તિનો અનોખો મેળાપ



૨૦૦ વર્ષ જૂનો ઇતિહાસ અને નવ માતાજીની મૂર્તિઓના પ્રાગટ્યની રસપ્રદ લોકવાયકા



### રામ નવમીના દિવસે ગામમાં રૂમકી ઝૂમકી માતાનો મેળો પણ ભરાય છે



નિઝર તાલુકાના રૂમકીતળાવ ગામે દર વર્ષે નવરાત્રિનો પાવન તહેવાર ખૂબ જ ભવ્ય અને ધાર્મિક ભાવનાથી ઉજવવામાં આવે છે. આ ગામ ખાસ કરીને પોતાની અનોખી પરંપરાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઓળખાય છે. ગામમાં આવેલ રૂમકી ઝૂમકી માતાના મંદિરે નવરાત્રિના આઠમ અને નવમના દિવસે વિશેષ કાર્યક્રમો યોજાય છે. પ્રાચીન પરંપરા મુજબ સપ્તમીના દિવસે ગણપતિ બાપા સાથે રિદ્ધિ-સિદ્ધિ અને માં અંબેની આરાધના સાથે કાર્યક્રમોની શરૂઆત થાય છે. આ પ્રસંગે ગામના સ્થાનિક કલાકારો ભાવપૂર્વક ધાર્મિક નાટકો અને ભજનો રજૂ કરે છે, જે ભક્તોને મંત્રમુગ્ધ કરી દે છે. આઠમના દિવસે ગામનો પ્રસિદ્ધ અને પરંપરાગત નાટકીય કાર્યક્રમ “વાઘના મોરા” યોજાય છે. આ કાર્યક્રમમાં શ્રી હરિ નરસિંહ ભગવાનની વેશભૂષા ધારણ કરીને ધાર્મિક કથાનું જીવંત રજૂકરણ કરવામાં આવે છે. આ અનોખો કાર્યક્રમ જોવા માટે હજારોની સંખ્યામાં ભક્તો અને આજુબાજુના ગામોના લોકો ઊમટી પડે છે. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન મનોજ વળવી અને દિલીપ વળવીના નેતૃત્વ હેઠળ ઝૂમકી માતા મંડળના સભ્યો દ્વારા કરવામાં આવે છે.









### અત્યાધુનિક ‘આયુષ્માન આરોગ્ય મંદિર’ સ્વાસ્થ્યની સુરક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે

નિઝર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવાના અભિગમ સાથે સાયલા ગામે નવનિર્મિત ‘આયુષ્માન આરોગ્ય મંદિર’નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. રમતગમત રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીતના હસ્તે રૂ.૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા આ કેન્દ્રને જનતા માટે ખુલ્લું મુકાયું હતું. રૂમકી તળાવ ગામથી માત્ર ૪ કિલોમીટરના અંતરે આવેલું આ આરોગ્ય મંદિર આસપાસના વિસ્તાર માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ કેન્દ્રમાં આધુનિક આરોગ્ય સેવાઓ જેવી કે બિન-ચેપી રોગોની સચોટ સારવાર, હાઈપરટેન્શન અને ડાયાબિટીસ જેવા ગંભીર રોગોનું નિદાન તેમજ નિષ્ણાતો દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. પ્રાથમિક સારવાર માટે છેક દૂર સુધી ન જવું પડે તે હેતુથી નિર્મિત આ ભવન ગ્રામીણ જનતાના સ્વાસ્થ્યની સુરક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. લોકાર્પણ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ આ સુવિધાને આવકારી હતી.



### ગ્રામીણ ક્રિકેટમાં ટેલેન્ટનો દબદબો, પરંતુ સુવિધાઓના નામે શૂન્ય!

રૂમકી તળાવ ગામમાં હાલમાં યોજાયેલી ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટે સ્થાનિક યુવાનોની છુપાયેલી પ્રતિભાને બહાર આણી છે. મેદાન પર ખેલાડીઓનો ઉત્સાહ અને જીતવા માટેનું જોમ કાબિલે તારીફ જોવા મળ્યું હતું. અનેક રસાકસીભરી મેચોમાં યુવા ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી પોતાની ટીમને વિજય અપાવ્યો હતો. જો કે, આ તેજસ્વી ખેલાડીઓ માટે પાયાની સુવિધાનો અભાવ ચિંતાનો વિષય છે. ગામમાં એક વ્યવસ્થિત અને સુવિધાસભર ક્રિકેટ ગ્રાઉન્ડ ન હોવાને કારણે ખેલાડીઓ ઉબડ-ખાબડ અને ખુલ્લા મેદાનોમાં પ્રેક્ટિસ કરવા મજબૂર છે. આ મર્યાદાઓ ખેલાડીઓની કારકિર્દી અને કૌશલ્યના વિકાસમાં અવરોધ ઊભો કરી રહી છે. ગામના યુવાનો અને રમતપ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે સરકાર કે સ્થાનિક તંત્ર દ્વારા અહીં આધુનિક ગ્રાઉન્ડની સુવિધા ફાળવવામાં આવે, જેથી પ્રતિભાશાળી યુવાનોને યોગ્ય પ્લેટફોર્મ મળે અને તેઓ જિલ્લા કે રાજ્ય કક્ષાએ રમી શકે.

### યુવા નેતા સૂરજ વસાવા: વિકાસને સમર્પિત નેતૃત્વ



ગામના સરપંચ અને ગામના વતની દાસુભાઈ બાપુભાઈ વસાવાના પુત્ર સૂરજ વસાવા આજે એક પ્રગતિશીલ અને યુવા નેતા તરીકે પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે. તેમની રાજકીય સફર સમર્પણ, મહેનત અને સતત પ્રગતિનો ઉત્તમ દાખલો છે. સૂરજ વસાવાએ પોતાના રાજકીય જીવનની શરૂઆત ભાજપના યુવા મોરચાથી કરી હતી. યુવાનો સાથે જોડાઈને સંગઠનને મજબૂત બનાવવાની તેમની ક્ષમતા અને નેતૃત્વ કૌશલ્યને કારણે તેઓ ઝડપથી આગળ વધ્યા છે. યુવા મોરચાના કાર્યકરથી શરૂ થયેલી તેમની સફર તેમને આજે તાપી જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ પદ સુધી લઈને આવી છે, જે તેમના કાર્યપ્રતિબદ્ધતા અને લોકપ્રિયતાનું પ્રતિબિંબ છે. સૂરજ વસાવા અગાઉ તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સેવાઓ આપી ચૂક્યા છે,

જ્યાં તેમણે વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપી અને લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે અનેક પહેલો કરી હતી. હાલ તેઓ તાપી જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સક્રિય રીતે કાર્યરત છે. તેમના નેતૃત્વ હેઠળ રૂમકી તળાવ ગામમાં અનેક વિકાસનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. ગામમાં આધુનિક સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને જનસેવા સંબંધિત યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે, જેના કારણે ગ્રામજનોના જીવનમાં નોંધપાત્ર સુધારો થયો છે. યુવાનો માટે પ્રેરણારૂપ એવા સૂરજ વસાવા ગામના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમણે ગામમાં યુવાનો માટે સાર્વજનિક પુસ્તકાલય બનાવ્યું છે તેમજ પંચાયતના લોકો માટે સાયલા ખાતે આયુષ્માન મંદિર માટે પણ સહકાર આપ્યો હતો. તેમજ સાયલા ગ્રુપ ગ્રામ પંચાયતમાં એમનાં પત્ની અર્ચનાબેન પણ સરપંચ તરીકે સેવા આપી ચૂક્યાં છે. તેમની કાર્યશૈલી, જનસંપર્ક અને વિકાસ પ્રત્યેનો દૃઢ અભિગમ તેમને લોકપ્રિય અને વિશ્વસનીય નેતા તરીકે સ્થાપિત કરે છે.

### સરપંચ દાસુભાઈના અથાક પ્રયત્નોથી આજે રૂમકી તળાવ ગામ વિકાસ પંથે

રૂમકી તળાવ ગામના લોકપ્રિય અને કાર્યકુશળ સરપંચ દાસુભાઈ બાપુભાઈ વસાવાએ પોતાના સેવાકીય કાર્યો થકી ગ્રામજનોમાં અતૂટ વિશ્વાસ સંપાદિત કર્યો છે. સતત બીજી ટર્મ માટે સરપંચ તરીકે ચુંટાઈ આવવું એ તેમની લોકપ્રિયતા અને વિકાસલક્ષી અભિગમનો જીવંત પુરાવો છે. તેમના કાર્યકાળ દરમિયાન ગામના સર્વાંગી વિકાસ માટે અનેક સીમાચિહ્નરૂપ કામો કરવામાં આવ્યાં છે. જેમાં પંચાયત હેઠળ આધુનિક હાટ બજાર, સામાજિક પ્રસંગો માટે કોમ્યુનિટી હોલ અને શિક્ષણના સ્તરને સુધારવા માટે ૧૭ નવી આંગણવાડી તથા શાળાઓમાં નવા ઓરડાઓનું નિર્માણ મુખ્ય છે. આ ઉપરાંત, ગામમાં પાકા રસ્તાઓનું નેટવર્ક, પીવાના પાણીની ઉત્તમ સુવિધા અને સ્વાસ્થ્ય ક્ષેત્રે આયુષ્માન આરોગ્ય મંદિરના નિર્માણથી ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. સરપંચ દાસુભાઈના અથાક પ્રયત્નોથી આજે રૂમકી તળાવ ગામ વિકાસના આદર્શ પથ પર અગ્રેસર છે.

### શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર હિરાલાલભાઈ અને યશવંતભાઈ





નિવૃત્ત આચાર્ય હિરાલાલભાઈ. બી. નાયક રૂમકી તળાવ ગામના શિક્ષણ ક્ષેત્રે એક પ્રેરણાત્મક વ્યક્તિત્વ તરીકે ઓળખાય છે. પોતાની ફરજ દરમિયાન તેમણે ગામના શિક્ષણના વિકાસ માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.
જૂની અને જર્જરિત પ્રાથમિક શાળાને બદલે નવી મંજૂર કરાવી, આધુનિક સુવિધાઓ સાથે આદર્શ પ્રાથમિક શાળાનું નિર્માણ કરાવવું તેમનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય રહ્યું છે. આ સાથે તેમણે ગામના વિદ્યાર્થીઓને વધુ સગવડો મળે એ માટે અર્ધસરકારી ALS હોસ્ટેલની વ્યવસ્થા પણ શરૂ કરાવી, જેનાથી ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટી મદદ મળી છે. નિવૃત્તિ બાદ પણ તેઓ ગામથી અલગ થયા નથી, પરંતુ સામાજિક કાર્યોમાં સક્રિય રહીને ગામના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમનું જીવન અને કાર્ય ગામ માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તો નિવૃત આચાર્ય યશવંતભાઈ ભરતભાઈ વળવી શિક્ષણ ક્ષેત્રે એક પ્રેરણાસ્ત્રોત તરીકે ઓળખાય છે. તેમની કારકિર્દી માત્ર નોકરી નહીં પરંતુ સેવા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ રહી છે. 1989માં નિઝરથી શિક્ષક તરીકે પોતાની સફર શરૂ કરનાર યશવંતભાઈએ B.A અને B.Ed જેવી શૈક્ષણિક પાત્રતા સાથે વિદ્યાર્થીઓના ભવિષ્યને ઘડવાનું કાર્ય શરૂ કર્યું. શરૂઆતથી જ તેમણે શિક્ષણને માત્ર પાઠ્યપુસ્તક સુધી મર્યાદિત ન રાખતા, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો. 1992થી 1994 દરમિયાન તેમણે સુરત જિલ્લામાં જિલ્લા મદદનીશ શિક્ષણ અધિકારી તરીકે પણ ફરજ બજાવી, જ્યાં તેમની કાર્યક્ષમતા, સંકલન શક્તિ અને શિક્ષણ પ્રત્યેનો દૃઢ અભિગમ સ્પષ્ટ જોવા મળ્યો હતો. તેમણે શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે અનેક સકારાત્મક પહેલો કરી હતી. 2007થી સરકારી માધ્યમિક શાળા રૂમકીતલાવમાં આચાર્ય તરીકે તેમની નિમણૂક થયા પછી શાળાના વિકાસમાં તેમણે સિંહફાળો આપ્યો. માત્ર શાળા જ નહીં, પરંતુ છાત્રાલયના નિર્માણ અને વિકાસમાં પણ તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી. તેમના નેતૃત્વ હેઠળ શાળાએ શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે ઉત્તમ પ્રગતિ કરી હતી. તેમની કાર્યશૈલીમાં શિસ્ત, સમર્પણ અને સકારાત્મકતા મુખ્ય ગુણ રહ્યા હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજ સાથેનું તેમનું જોડાણ હંમેશાં પ્રેરણાદાયક રહ્યું છે. 31 મે-2021ના રોજ નિવૃત્તિ બાદ પણ તેમનો શિક્ષણપ્રેમ અને સમાજ પ્રત્યેની લાગણી અવિરત છે. યશવંતભાઈ વળવીનું જીવન આપણને શીખવે છે કે સાચી સફળતા પદમાં નહીં, પરંતુ કરેલાં સારાં કાર્યો અને સમાજ પર પાડેલા સકારાત્મક પ્રભાવમાં હોય છે.

### જર્જરિત ટાંકી તોડી પડાતાં હાલ PVC ટાંકીઓ થકી પાણી સપ્લાય થાય છે



રૂમકી તળાવ ગામમાં પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે ગ્રામ પંચાયત દ્વારા વિવિધ સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હાલમાં ગ્રામજનોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે એ માટે ગામમાં હેન્ડપંપ, કૂવા અને બોરવેલની સુવિધાઓ ઉપલબ્ધ છે. પાણી વિતરણની સંપૂર્ણ જવાબદારી ગ્રામ પંચાયત સંભાળી રહી છે. નોંધનીય છે કે, ગામમાં વર્ષો જૂની એક મોટી પાણીની ટાંકી અસ્તિત્વમાં હતી, પરંતુ લાંબા સમયથી તે જર્જરિત હાલતમાં હોવાને કારણે ગ્રામજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેને તોડી પાડવામાં આવી છે. આ કાયમી ટાંકીના સ્થાને હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ગામમાં PVC ની મોટી ટાંકીઓ મૂકવામાં આવી છે, જેના દ્વારા હાલમાં પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ભવિષ્યમાં નવી મજબૂત ટાંકીનું નિર્માણ થાય તેવી ગ્રામજનોની અપેક્ષા છે.

### સહકારી દૂધમંડળી: પશુપાલન બન્યું ગામની આર્થિક પ્રગતિનું માધ્યમ



રૂમકીતળાવ ગામમાં પશુપાલન એ ગ્રામજનોની આજીવિકાનો મુખ્ય આધારસ્તંભ છે. ગામમાં સક્રિય રીતે કાર્યરત શ્રી રૂમકીતળાવ સહકારી દૂધ મંડળી લિમિટેડ સાથે કુલ 93 સભાસદ જોડાયેલા છે. પશુપાલકો દ્વારા ઉત્પાદિત દૂધ અહીં એકત્રિત કરી સુમુલ ડેરીમાં પહોંચાડવામાં આવે છે. સહકારી માળખાને લીધે ગામના પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ અને આર્થિક ટેકો મળી રહે છે. આમ, દૂધ મંડળી અને પશુપાલન થકી રૂમકીતળાવ ગામના અનેક પરિવારો આત્મનિર્ભર બની આર્થિક પ્રગતિ કરી રહ્યા છે.

(માહિતી સંકલન અને તસવીર: હંસરાજ પાડવી, કુકરમુંડા)